અમદાવાદના મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૧,

**–:ક્રિમીનલ કેસ નં. ૭૩૭/૯૯ ના કામે આંક–૧ નીચે હુકમ ::–**

(૧) આ કામે આજરોજ વારંવાર પોકારવા છતાં આરોપીઓ કે તેમના વિ.વકીલશ્રી અદાલતમા હાજર નથી.

(૨) આ કામે કેસની હકીકત ધ્યાને લઈએ તો આ કામના ફરીયાદીએ આરોપીઓ વિરુધ્ધ પ્રોહી.એકટની કલમ ૬૬ (૧) (બી), ૬૫ (ઈ), ૮૧ મુજબના ગુનાની ફરીયાદ આપતા પોલીસે પ્રોહી. ગુના રજી. નં. ૧૬/૯૯ થી ગુનો દાખલ કરી તપાસ કરી આરોપી વિરુધ્ધ તા. ૧૯–૭–૯૯ ના રોજ અત્રેની અદાલતમા ચાર્જશીટ રજુ કરતા સદર ચાર્જશીટ ક્રિમીનલ કેસ રજીસ્ટરે નોધવાનો હુકમ કરવામા આવતા ક્રિમીનલ કેસ નં. ૭૩૭/૯૯ થી રજીસ્ટરે નોધવામા આવેલ છે. આમ, કેસની હકીકત ધ્યાને લઈએ તો આ કેસ લગભગ ૧૯ વર્ષ ઉપરાંત જેટલો અતિ જુનો છે. કેસનું રેકર્ડ એન્ડ પ્રોસીડીંગ્ઝ ધ્યાને લઈએ તો આરોપી વિરુધ્ધ આ સમન્સ ટ્રાયબલ પોલીસ કેસની કાર્યવાહી કાર્યવાહી છેલ્લા ૧૯ વર્ષથી પણ વધુ સમયથી પેન્ડીગ છે. આ કેસનું રેકર્ડ એન્ડ પ્રોસીડીંગ્ઝ ધ્યાને લઈએ તો આ કામના આરોપીને અત્રેની અદાલતે વારંવાર સમન્સો, જામીનલાયક વોરંટો તેમજ પકડ વોરંટો કાઢી બજવણી અર્થે પોલીસ તરફ મોકલેલા છે. પરંતુ પોલીસે આજ દિન સુધી આરોપીને પકડીને ટ્રાયલ માટે અત્રેની અદાલતમા રજુ કરેલ નથી. વળી, આ કામે આરોપીઓની સંખ્યા જોતા તમામ આરોપીઓ એકી સાથે કોર્ટમા હાજર રહી શકે તેવી પણ શકયતા જણાતી નથી. આમ, પોલીસની એટલે કે ફરીયાદપક્ષની બેદરકારીના કારણે આ કેસની કોર્ટ કાર્યવાહી આગળ વધી શકતી નથી.

વધુમા ભવિષ્યના ટુંકા સમયમા પણ ફરીયાદપક્ષ આરોપીને ટ્રાયલ માટે પકડીને અદાલતમા હાજર કરે તેવા કોઈ ઉજળા સંજોગો પણ જણાતા નથી. આરોપી વિરુધ્ધનો આ સમન્સ ટ્રાયબલ પોલીસ કેસ છે. જે પેટી ઓફેન્સની કેટેગરીમા આવે છે. આવા પેટી ઓફેન્સના કેસો અત્રેની અદાલતમા દિનપ્રતિધિન ભરાવો થતો જાય છે. જેના કારણે અત્રેની અદાલતમા પેન્ડીગ અને ગંભીર કેસો પાછળ અદાલત પુરતો સમય ફાળવી શકતો નથી તેથી આ પેટી ઓફેસન્સનો કેસ હવે વધુ લાંબો સમય પેન્ડીગ રાખવો મને જરુરી, યોગ્ય અને ન્યાયી જણાતું નથી.

(૩) વધુમા આ તબકકે **૨૦૦૨ (૨) જી.એલ.આર. પાના નં. ૧૫૪૯ (સુ.કો.) પી. રામાચંન્દ્ર રાવ વિરુધ્ધ કર્ણાટક રાજયવાળા ચુકાદામા નામદાર સુપ્રીમકોર્ટ** એવું સ્પષ્ટ ઠરાવેલ છે કે, ટ્રાયલ કોર્ટ તેઓને પ્રાપ્ત સતાનો ઉપયોગ કેસના ઝડપી અને અસરકારક નિકાલ કરવા માટે કલમ સી.આર.પી.સી.ની કલમ ૩૦૯, ૩૧૧ અને ૨૫૮ નો ઉપયોગ કરવો જોઈએ.

(૪) આ ઉપરાંત **નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર ક્રમાંક નં. ૨૯૧૭/૦૬ તા. ૧૭–૧૦–૦૬** થી નીચલી અદાલતને એવી સુચના પણ આપવામા આવેલ છે કે, આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલતોએ પોલીસને મર્યાદિત તકો આપી યોગ્ય કીસ્સામા સી.આર.પી.સી.ની કલમ ૨૫૮ અન્વયે મળેલ સતાનો ઉપયોગ કરવો જોઈએ. આ તમામ હકીકતો ધ્યાને લઈ હાલના કેસના સંજોગો ધ્યાને લેતાં બજવણી અર્થે હવે વધુ તકો આપવાથી અદાલત તથા પોલીસનો કીંમતી સમય વેડફાય તેમ હોઈ તેવા સંજોગોમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**:: હુકમ ::**

આથી ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ ૨૫૮ અન્વયે આ કેસની કોર્ટ કાર્યવાહી બંધ કરવામા આવે છે અને આ કામે આરોપીઓને તેમની સામેના પ્રોહી.એકટની કલમ ૬૬ (૧) (બી), ૬૫ (ઈ), ૮૧, મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

આ કામે મુદ્દામાલ પાવતી નં. ૧૬/૯૯ થી કબજે કરવામા આવેલ તમામ બીનકીંમતી મુદ્દામાલ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

આજ રોજ તા. ૪ થી માહે એપ્રીલ સને ૨૦૧૮ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૪-૪-૧૮

( જયંતીલાલ અમૃતલાલ બારોટ )
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૧૧
અમદાવાદ
UNIQUE CODE GJ-00494

JRRAVAL, PA